R.N.I. No. : 66450/97 Ahmedabad Jurisdiction

(મો).૯૮૨૫૧૬૯૩૮૬

અમદાવાદથી દર શનિવારે પ્રસિદ્ધ થતું સાપ્તાહિક

# ગરવી નવક્રાન્તિ

http://jagadishchristian.com

email:garvinavkranti @ yahoo.com

તંત્રી : પ્રશાંત ધોળકીયા .મેનેજીંગતંત્રીઃ મિનાક્ષી ધોળકીયા

ESTD.YEAR- 24•ISSUE: 02 DATE: 11-01-2020•SATURDAY•PAGES: 4•PRICE Rs.1•YERLY SUB: Rs. 60/-

આપનું લવાજમ બાકી છે ? હા( )ના( )

If undelivered pl.return to

સરનામાનું સ્ટીકર ઉખાડયા વગર પરત કરો

કાર્યાલય :૨/૧૦ સોનિયા એપાર્ટમેન્ટ પી.ટી.કોલેજરોડ,નારાયણનગર પાલડી,અમદાવાદ-૭

## જેએનયુ હિંસાને વિશ્વ મીડીયા દ્વારા વખોડવામાં આવી તેમજ ભારતીય રાજકીય સ્થિતિ અંગે ટીકાઓ કરાઇ

જેએનયુમાં થયેલી હિંસાના વિશ્વભરના મીડીયાએ મિશ્ર પ્રત્યાઘાતો આપ્યા હતા.ગાર્ડિયન,ન્યુયોર્ક ટાઇમ્સ,બીબીસી,અલ ઝઝીરા અને બ્લુમબર્ગે બુરખાધારી હુમલાખોરોએ કરેલા હુમલાને તેમની હેડલાઇનમાં સામેલ કર્યા હતા.

ગાર્ડીયને લખ્યુ હતું કે ભારતની અગ્રણી યુની.માં નકાબપોશ હુમલાખોરોના હુમલાથી ૨૩ થી વધુ વિદ્યાર્થીઓ ઘવાયા હતા. વિપક્ષી નેતાઓ ભાજપ સાથે જોડાયેલા ગુંડાઓને હિંસા માટે જવાબદાર ગણે છે.

બીબીસીએ જણાવ્યુ હતું કે જેએનયુ યુની.માં હુમલા માટે એબીવીપીને જવાબદાર ઠેરવ્યો હતો. જે ભાજપ સાથે સંલગ્ન સંગઠન છે.એબીવીપીએ લેફ્ટ સંગઠનો પર આરોપ લગાવ્યો છે.આમાં યુની.ની મિલ્કતને ભારે નુકશાન પહોચ્યું છે.

ન્યુયોર્ક ટાઇમ્સ લખે છે કે નકાબપોશોએ જેએનયુમાં હિંસાનું તાંડવ મચાવ્યું છે. જેમાં હિન્દુવાદી નારા લગાવનારા કેટલાકને ઈજા થઈ છે. કેટલાકે પોલીસ પર આમાં મુકદર્શક રહેવાનો આરોપ લગાવ્યો છે.

અલ ઝઝીરાએ જણાવ્યુહતું કે જેએનયુ કેમ્પસમાં એબીવીપી દ્વારા થયેલા હિંસક હુમલામાં જેએનયુ યુની. ના અધ્યક્ષ આઇશી ઘોષ સહિંત અનેક ઘવાયા છે. વિદ્યાર્થીઓએ હુમલા માટે ભાજપ સાથે સંલગ્ન એબીવીપી પર આરોપ લગાવ્યો છે.

બ્લુમબર્ગે જણાવ્યુ હતું કે યુનીવરસીટીમાં વિદ્યાર્થીઓ પર હુમલા પછી દેશભરમાં તંગદીલી વધી છે. માસ્ક પહેરેલા લોકોએ મારપીટ કરી છે. ઘટના વખતે કેમ્પસમાં ડાબેરી વિદ્યાર્થી સંઘો પીએમ સામે દેખાવો કરતા હતા.

જેએનયુ હુમલાની ઘટના પર બોલીવુડની સેલીબ્રીટીઓએ પણ ચિંતા વ્યક્ત કરી છે. એક્ટ્રેસ સ્વરા ભાસ્કરની માતા જેએનયુમાં પ્રોફેસર છે. તેણે જણાવ્યુ કે આ કોઈ ઘર્ષણ નથી પણ પુર્વ આયોજીત, નિર્દયી હુમલો છે. બુકાની પહેરેલા એબીવીપીના ગુંડાઓને પોલીસે ત્રણ કલાક સુધી છુટ આપી, એક્ટ્રેસ કૃતિ સેને લખ્યુ હતું કે ભારતમાં હાલમાં જે થઇ રહ્યુ છે તે ખરેખર ભયાનક છે. એક્ટ્રેસ તપસી પન્નુએ લખ્યું છે કે જ્યાં ભારતનું ભાવિ ઘડાય છે એવા વિસ્તારમાં આવી હાલત છે. આ શરમજનક છે. આ ડરામણું છે.

એક્ટર રિતેશ દેશમુખે લક્યુ છે કે તમારે શા માટે ચહેરો ઢાંકવાની જરુર પડે છે. કારણકે તમને ખબર છે કે તમે કાંઈ ખોટુ કરી રહ્યા છો.ગેરકાયદે અને દંડનીય અપરાધ કરતાં હો ત્યારે આવું કરવું પડે.વિશાલ દંદલાણીએ લખ્યું છે કે આ લોકશાહી દેશના આપણે નાગરિક છીએ એવો દાવો આપણે કરી શકીએ તેમ નથી. આ ખોટું રહેશે. અનુરાગ કશ્યપે લખ્યુ હતું કે હવે આપણે મુકદર્શક બની બેસી શકીએ નહીં. હિંદુત્વ આતંકવાદ હવે પુરી રીતે હાવી થઈ ચુક્યો છે.શબાના આઝમીએ લખ્યું છે કે શું આપણા દેશમાં આવું થઈ રહ્યું છે ?આ ખરેખર ચિંતાજનક છે. ટ્વિન્કલ ખન્નાએ લખ્યું છે કે ભારતમાં સ્ટુડન્ટ્સ કરતાં ગાયોને વધારે સુરક્ષા મળે છે. તમે હિંસા કરીને લોકોને દબાવી શકો નહીં. આ ઉપરાંત આલિયા ભટ્ટ,અનિલ કપુર,રાજકુમાર રાવ સહિતની હસ્તીઓએ આ હુમલાને ભયાનક અને દુઃખ દ ગણાવ્યો હતો.સાથે માંગ કરી હતી કે આ મામલે ન્યાય મળે. આપણા દેશમાં હિંસાને સ્થાન નથી.આવી વિચારધારાનો વિરોધ કરવાનો સમય આવી ગયો છે. જે વિભાજન,ઉત્પીડન અને હિંસાને પ્રોત્સાહન આપવા ઈચ્છે છે.સત્યતાને જોવી અને સ્વીકાર કરવો જરુરી છે. આપણી વિચારધાર અલગ હોય પરંતુ તે હિંસાથી ઉકેલી ના શકાય.

જ્યારે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્દવ ઠાકરેએ જેએનયુના મામલે કહ્યુ હતું કે આ ઘટના મને મુંબઈના આતંકી હુમલાની યાદ આવી ગઈ.. બુકાનીધારી હુમલાખોરો કોણ હતા તેની તપાસ થવી જોઈએ.ઠાકરેએ કહ્યુ હતું કે દેશભરના વિદ્યાર્થીઓમાં ડરનો માહોલ છે. અને આપણે સાથે મળીને તેઓમાં આત્મવિશ્વાસ લાવવો પડશે.તેમણે કહ્યુ હતું કે જેએનયુમાં હુમલો કરનારા કાયર લોકો છે. તેમની ઓળખ છતી થવી જોઈએ.રાત્રીના સમયમાં બુકાનીધારીઓ લાઠી,સળીયા જેવા હથિયારો લઈને કેમ્પસમાં ઘુસી જાય વિદ્યાર્થીઓ અને પ્રોફેસરોને મારપીટ કરે તે અનહદ ખોટું છે.

## જેએનયુમાં વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાનો રાષ્ટ્રવ્યાપી વિરોધ



દિલ્હીની પ્રતિષ્ઠિત જવહરલાલા નહેરુ યુની.માં અજાણ્યા ગુંડાઓ દ્વારા વિદ્યાર્થીઓ અને શિક્ષકો પર થયેલા હુમલાનો વિરોધ સમગ્ર રાષ્ટ્ર ભરમાં થયો છે. આ હિંસા દરમિયાન યોગ્ય પગલાં નહીં ભરવાનો આક્ષેપ કરી ને વાઈસ ચાન્સેલરના રાજીનામાની માંગણી કરવામાં આવી હતી. આ હુમલામાં ૩૪ લોકોને ઈજા પહોચી છે. જો કે ઘટનાના લાંબા સમય પછી પણ પોલીસ કોઈની ધરપકડ કરી શકી નથી. હવે આ કેસ ક્રાઈમ બ્રાંચને સુપરત કરાયો છે. જો કે સમગ્ર ઘટનાની તસવીરો અને વીડીયો પરથી હુમલાખોરોની ઓળખ કરવામાં આવશે તેવું જણાવવામાં આવ્યું છે. જો કે વિપક્ષોએ સમગ્ર ઘટનાનો દોષ એબીવીપી ઉપર ઢોળ્યો છે. જ્યારે અન્યોએ આ ઘટનાના દોષી ડાબેરી સંગઠન સાથે જોડાયેલા વિદ્યાર્થીઓને ગણાવ્યા હતા.

દેશના મોટાભાગના વિદ્યાર્થી સંગઠનોએ આ ઘટનાનો વિરોધ કર્યો છે. મુંબઈમાંથી તો વિરોધ પ્રદર્શનો ચાલુ થઈ ગયા છે. નેપાળમાં જેએનયુના એલ્યુમીની કાઠમાંડુમાં એકત્રીત થયા હતા અને વિરોધ પ્રદર્શનો કર્યા હતા.બ્રિટનની ઓક્સફોર્ડ યુની. અને સસેક્સ યુની.તેમજ અમેરિકાની કોલમ્બીયા યુની.ના વિદ્યાર્થીઓ પણ આ બાબતે વિરોધ કર્યો હતો.જેએનયુ વિદ્યાર્થીઓ પર થયેલા હુમલાના વિરોધમાં જાણીતી ફિલ્મી કલાકારો પણ જોડાયા હતા. દિપીકા પદુકોણ વિદ્યાર્થી સંગઠનના વિરોધમાં જોડાઇ હતી. આ ઉપરાંત વિદ્યાર્થી નેતા કનૈયાકુમાર પણ જેએનયુમાં જઈને વિરોધ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓને મળ્યા હતા.હુમલાના મામલે ગૃહમંત્રી અમિત શાહે એલજી અનિલ બૈજલ સાથે વાતચીત કરી હતી.અને જેએનયુના પ્રતિનિધિઓને ચર્ચા માટે બોલાવવા વિનંતી કરી હતી.



ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક વેબ સાઇટ ઉપર જોઇ શકો છો
http://jagadishchristian.com
ઉપરોક્ત વેબ સાઈટ ઉપરાંત ફેસબુક http://facebook.com/robin.dholakia ઉપર પણ જોઈ શકાશે.

# ગરવી નવક્રાંતિ

અમેરિકાએ આતંકવાદી ગતીવિધિઓના પ્રણેતા એવા સુલેમાનીનું કાસળ કાઢી નાંખ્યા બાદ સમગ્ર વિશ્વ ચિંતામાં સરી પડ્યું છે. દરેકને વિશ્વ યુધ્ધના ભણકારા સંભળાઈ રહ્યા છે. ઈરાને સુલેમાનીનો બદલો લેવાની જાહેરાત કરી દીધી છે. તેથી હવે ઈરાન કેવા પ્રકારના પગલાં લે છે તે જોવાનું રહેશે. અમેરિકાએ પણ ચેતવણી આપી છે કે જો ઈરાન કોઈપણ પ્રકારનુ દુસાહસ કરશે તો તેનો જડબાતોડ જવાબ અપાશે. ટ્રમ્પની ચેતવણી બાદ ઈરાને બદલાની કાર્યવાહીની શરુઆત કરતાં કેન્યામાં આવેલા અમેરિકી બેઝ સિમ્બા ઉપર અલ-શબાબ સંગઠન દ્વારા હુમલો કરાવ્યો અને અમરિકા ના સાત વિમાન અને ત્રણ લશ્કરી વાહનોનો નાશ કર્યો છે તેવા સમાચારો આવ્યા.જો કે આ અથડામણમાં અલ શબાબના ૪ આતંકવાદી ઠાર કરાયા હતા. પરંતુ હવાઈપટ્ટી સુરક્ષિત છે તેવું જણાવાયું હતું.

આ ઘટના બાદ બગદાદમાં આવેલા અમેરિકાના કેટલાક ઠેકાણા પર મિસાઈલ મારો કરવામાં આવ્યો જેમાં ઈરાને કરેલા દાવા મુજબ ૮૦ જેટલા સૈનિકો મરાયા પરંતુ અમેરિકી પ્રમુખે ઈરાનનો દાવો નકારી કાઢ્યો હતો.આ મુજબ ઈરાને લડાઈને વધુ બળ આપ્યું છે. અમેરિકાએ વિશ્વની બીજી મહાસત્તાઓને પોતાની સાથે લેવા માટે પ્રયત્ન કર્યો પરંતુ રશિયા,ચીન જેવી મહાસત્તાઓએ અમેરિકાને ટેકો આપ્યો નથી. આ ઉપરાંત બ્રિટન, ફ્રાંસ, જર્મની અને કેટલાક યુનીયનના દેશોએ અંતર જાળવી રાખ્યું છે. જો કે અમેરિકાને દ.કોરીયા,જાપાન ,સાઉદી જેવા દેશો ટેકામાં ઉભા છે. પરંતુ વિશ્વમત અમેરિકાની તરફેણમાં કેળવાયો નથી.કારણકે બધા દેશો ત્રીજા વિશ્વયુધ્ધની દહેશતથી પોતાને અલગ કરવા માંગે છે. વિશ્વ આર્થિક મંદીની સાથે યુધ્ધમાં જોતરાવું તે દેશની પાયમાલી સર્જે અને દેશને ભારે નુકશાન પહોચાડી શકે. આવા કારણોસર કોઈપણ દેશ અમેરિકાની સાથે યુધ્ધમાં જોતરાવા તૈયાર નથી.

છતાં હજુ શરુઆતનો તબક્કો છે અને ક્યારે શું થશે તેની ભવિષ્યવાણી કરવી અશક્ય છે. બેઉ બાજુ જંગ માટે તૈયારી છે.અને બાંધછોડનો કોઈ અવકાશ નથી. મધ્યસ્થી કરવા પણ કોઈ તૈયાર નથી.અમેરિકાના પ્રમુખે હજુ પણ ઈરાનને ચેતવણીઓ આપે રાખી છે.વળતો કોઈ પ્રહાર કર્યો નથી.શક્ય છે ઈરાન વધુ છંછેડે તો અમેરિકા તેના પર આકરા પ્રહારો કરી શકે છે અને વિશ્વયુધ્ધની આગમાં વિશ્વ હોમાઈ શકે છે.

## મંતવ્ય

ઓસ્ટ્રેલીયામાં લાગેલી આગમાં પશુ પંખીઓનો ખાતમો બોલી ગયો છે.જંગલોના જંગલો આગમાં હોમાઈ ગયા છે. પર્યાવરણનું નિકંદન નિકળી ગયું છે. જો આવી પ્રકારની હોનારતો માણસો સર્જીત હોય તો ખરેખર તે લાંછન રુપ છે. કેટલાય એવા પ્રકારના પશુ પંખીઓનો નાશ થયો છે કે તેમની પ્રજાતી નું સદંતર નિકંદન નીકળી ગયું છે. ખરેખર, કુદરતે રહેમ કરીને આખરે વરસાદ મોકલ્યો અને આગને ઠારવા માટે કુદરતનો સાથ મળ્યો.છેલ્લા કેટલાક સમયથી લાગેલી આગમાં અસંખ્ય પ્રયત્નો છતાં તેને કાબુમાં લેવામાં નિષ્ફળતાઓ જ મળી હતી.સમગ્ર વિશ્વને નાશ તરફ જતુ અટકાવવા માટે આપણે પ્રયત્નશીલ બનવું પડશે નહિતર આપણું અસ્તિત્વ જોખમમાં આવી જશે. રમેશ કાલીયા


**ગ્લોરી કેટરીંગ સર્વીસ**

આપને ત્યાં ઉજવાતા માંગલિક પ્રસંગો જેવાકે સગાઇ, લગ્ન, રિસેપ્સન, બર્થડે પાર્ટી તથા નાના મોટા જમણવારોમાં જમણ અંગેની તમામ વ્યવસ્થા વ્યાજબી ભાવે કરી આપીશુ.
શુધ્ધ, સાત્વીક,સ્વાદિષ્ટ રસોઇ માટે એકવાર મુલાકાત ગોઠવો અને નિશ્ચિત બની આપના પ્રસંગનો અનેરો આનંદ માણો

ચિંતા વગરનો પ્રસંગ એ જ પ્રસંગનો આનંદ

સંપર્કઃ એ એમ.મેકવાન

૮/૪૪,આશા એપાર્ટ,કિરણ પાર્ક પાસે,નવા વાડજ,અમદાવાદ-૧૩
ફોન નં.૨૭૫૫૯૦૮૩ મો,૯૩૭૫૨૦૯૯૨૪



**જાહેર ખબરના ભાવ**

| | | | |
|---|---|---|---|
| આખુ પાન | રૂ.૧૦૫૦૦ | અર્ધુ પાન | રૂ.૫૦૦૦ |
| ૧/૪ પાન | રૂ.૨૫૦૦ | ૧/૮ પાન | રૂ.૧૦૦૦ |
| વાર્ષિક પેનલ | રૂ.૭૨૦૦ | માસિક પેનલ | રૂ.૧૦૦૦ |

ટચુકડી જાહેરાત રૂ.૫૦૦

વ્યવસાયિક જા.ખ. રૂ.૬૦ કો.સે.મી.

આપની કોઇપણ પ્રકારની જાહેર ખબરો સંપૂર્ણ વિગત સાથે મોકલી આપી , વિશાળ વાચક વર્ગ સુધી પહોંચાડો.જાહેરખબર દર મંગળવારે કાર્યાલય પર પહોંચાડવી

સંપર્ક : ૯૮૨૫૧ ૬૯૩૮૬, ૦૭૯-૬૫૨૧૪૭૫૬


# પાકિસ્તાનમાં ધાર્મિક લઘુમતીઓ સાથે ભેદભાવ યુક્ત વર્તનઃ ખ્રિસ્તી તેમજ હિંદુ મહિલાઓનું અપહરણ કરીને બળજબરીથી ધર્માંતરણ કરાવવામાં આવી રહ્યું છે

સંયુક્ત રાષ્ટ્રની કમિશન ઓન સ્ટેટસ ઓફ વિમેન ના રિપોર્ટમાં ચોંકાવનારી વિગતોનો ખુલાસો થયો છે. પાકિસ્તાનમાં ઈમરાનખાનના રાજ્યમાં ધાર્મિક સ્વતંત્રતા ખાડે ગઈ છે અને ખ્રિસ્તી તેમજ હિંદુ મહિલાઓનું અપહરણ કરીને તેમનું બળજબરીથી ધર્માંતરણ કરાવવામાં આવી રહ્યું છે.હિન્દુ લઘુમતીઓ પ્રત્યે ભેદભાવ રાખીને તેમને ટાર્ગેટ બનાવવામાં આવે છે. સંયુક્ત રાષ્ટ્રની સંસ્થાના મતે પાક.માં ધાર્મિક સ્વતંત્રતા સતત કથળી ગઈ છે. પંજાબ અને સિંધ પ્રાંતમાં ખાસ કરીને હિન્દુ અને ખ્રિસ્તી સમુદાયની મહિલાઓ,યુવતીઓ અને અન્ય લોકો ખતરામાં છે. ૧૮ વર્ષથી ઓછી ઉંમરની સગીર મહિલાઓના અપહરણ કરીને ધર્મ પરિવર્તન કરાવ્યા પછી મુસ્લીમ યુવકો સાથે લગ્ન કરાવી નાંખવામાં આવે છે.આ પછી તેને માટે પરિવાર પાસે પાછા જવાનું મુશ્કેલ બને છે.

ધાર્મિક સ્વતંત્રતા પર હુમલો નામના ૪૭ પાનાના રિપોર્ટમાં આ ખુલાસો કરાયો છે. સીએસડબલ્યુએ આ રિપોર્ટમાં પાક.માં ઈશ્વરનિંદા અને અહમદિયા વિરોધી કાયદા મુદ્દે વધતી જતી રાજનીતિ સામે ચિંતા વ્યક્ત કરી છે. આ કાયદાનો ઉપયોગ કટ્ટરપંથી ઈસ્લામી સંગઠન દ્વારા લઘુમતીઓને મારવા માટે જ નહીં પણ રાજકારણમાં સ્થાન મેળવવા માટે હથિયાર તરીકે પણ થાય છે.

પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ સરકાર દ્વારા ભેદભાવપુર્વ કાનુનથી ધાર્મિક લઘુમતીઓ પર હુમલા કરીને અંતિમવાદી માનસિકતાને મજબુત બનાવી છે. સંયુક્ત રાષ્ટ્ર આયોગે જણાવ્યુ છે કે ઈસ્લામી રાષ્ટ્રમાં ખ્રિસ્તી અને હિંદુ સમુદાય વિશેષ રીતે કમજોર છે. ખાસ કરીને મહિલાઓ અને યુવતીઓ સતત અત્યાચારનો ભોગ બનતી રહે છે. પ્રતિ વર્ષ અસંખ્ય યુવતીઓના અપહરણ કરવામાં આવે છે. અને તેમને મુસ્લીમ યુવકો સાથે લગ્ન કરવા મજબુર કરવામાં આવે છે. પીડીત યુવતીઓ અને તેમના પરિવારજનો અપહરણકર્તાઓ દ્વારા અપાતી ગંભીર ધમકીઓના કારણે પરિવારમાં પરત ફરવાની કોઇ આશા રહેતી નથી.રિપોર્ટમાં કહેવાયું છે કે પોલીસ સ્ટાફની અછતના કારણે આ અપહરણ કરનારાઓ સામે કોઇ કાર્યવાહી થતી નથી.ન્યાયિક પ્રક્રિયા કમજોર અને ધાર્મિક લઘુમતી પીડીતો પ્રત્યે પોલીસ અને ન્યાયપાલિકા ભેદભાવ રાખે છે.સંયુક્ત રાષ્ટ્ર આયોગે પ્રમુખ ઉદાહરણોનો હવાલો આપ્યો છે. કે દેશમા લઘુમતીઓ છે અને તેમને દ્વીતીય શ્રેણીના નાગરિકો તરીકે ચિત્રિત કરવામાં આવે છે.

આ ઉપરાંત ઈશનિંદા જેવા કેટલાક કેસોમાં કેટલાક વર્ષોથી જાણીતા બનેતા કેસોનો હજુ સુધી નિવેડો આવ્યો નથી. જેમાં પ્રમુખ તરફથી માફી મળી ગયેલા કેસોમાં પણ કેટલીક મહિલાઓ હજુ પણ જેલમાં સડી રહી છે.પાકિસ્તાનમાં ન્યાય પાલિકા હજુ સુધી સબળ રીતે કાર્યવાહી કરી શકી નથી.કટ્ટરપંથીઓનું વર્ચસ્વ ન્યાયપાલિકા, અને પોલીસતંત્ર ઉપર છે અને આ બાબતમાં કોઇ ડખલગીરી કરી શકે તેમ નથી.

# જીએસટીમાં વળતર બંધ થતાં રાજ્યોની આવક રુપીયા ૧ લાખ કરોડ ઘટશે

જીએસટીનો અમલ ૧ જુલાઈ,૨૦૧૭ના રોજથી શરુ કરવામાં આવ્યો હતો. ત્યારે કેન્દ્ર સરકારે રાજ્યોને સહમત ફોર્મ્યુલા મુજબ પાંચ વર્ષ સુધી તેમની આવકમા પડનારી ઘટ બદલ વળતર ચુકવવા વચન આપ્યું હતું. પરંતુ ૩૦ જુન ૨૦૨૨ના રોજ વળતર ચુકવણી બંધ થતાં રાજ્યોને વાર્ષિક આવકમાંરુપીયા ૧.૨૩ લાખ કરોડની ઘટનો સામનો કરવો પડશે તેવી શક્યતા છે. વિશ્વસનીય ડેટા આધારે આર્થિક થિંક ટેન્કે પોતાના અહેવાલમાં આ બાબતની જાણકારી આપી હતી.

થિંક ટેન્કનુ કહેવું છે કે જો આમ બને તો તે પછીના વર્ષમાં રાજ્યોએ જે ખર્ચ કરવાનું રહે તેના નિવહન માટે તેટલી ઘટની રકમ આવક હયાત સંશોધનોમાંથી કરવી પડશે કે પછી આ ઘટનો સામનો કરવા માટે વર્ષ ૨૦૨૨-૨૩માં ખર્ચ ઘટાડવું પડશે.હાલમાં જ જીએસટી આવકમાં પડેલી ઘટ તેમજ જીએસટી વળતર માટે જરુરી ભંડોળ અને જીએસટી વળતર સેસની આવક વચ્ચે પ્રવર્તી રહેલી ઘટને કારણે જીએસટી વળતરી સમયસરની ચુકવણીને મુદ્દે પણ કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો વચ્ચે ખેંચતાણ વધી છે.

# પ્રજાસત્તાક દિનની પરેડમાં માત્ર ૨૨ ટેબ્લોની પસંદગી : બિહાર અને કેરળને પણ પરેડમાં સ્થાન ના મળ્યું

પ્રજાસત્તાક દિને આ વર્ષે દિલ્હીમાં રાજપથ પર યોજાનારી પરેડમાં આ વર્ષે મહારાષ્ટ્ર,પ.બંગાળ,બિહાર અને કેરળના ટેબ્લોને સ્થાન મળ્યું નથી. આ વર્ષે કુલ ૨૨ ટેબ્લોને સ્થાન આપવામાં આવ્યું છે.

જે ૧૬ રાજ્યોના ટેબ્લોની પસંદગી થઈ છે તેમાં ગુજરાત, આંધ્રપ્રદેશ, હિમાચલ પ્રદેશ,જમ્મુ અને કાશ્મીર,ગોવા,આસામ, છત્તીસગઢ, કર્ણાટક, મધ્યપ્રદેશ,મેઘાલય,ઓડિશા,પંજાબ,રાજસ્થાન,તામિલનાડું, તેલંગાણા અને ઉત્તરપ્રદેશનો સમાવેશ થાય છે.આમાંથી ૮ રાજ્યોમાં ભાજપ અથવા એનડીએની સરકાર, ચારમાં કોંગ્રેસ અથવા યુપીએના ઘટક પક્ષોની સરકાર અને ત્રણમાં નોન-એનડીએ,નોન યુપીએની સરકાર છે. શીપીંગ મંત્રાલય,ગૃહમંત્રાલય સહિત છ વિભાગોના ટેબ્લોને મંજુરી મળી છે.બિહારના જળજીવન હરિયાળી મિશન પર આધારિત ટેબ્લોને મંજુરી અપાઈ નથી. જે મુખ્યમંત્રી નીતિશકુમાર આ પ્રોજકેટનો જોરદાર પ્રચાર કરે છે.


ખુશ ખબર.. ખુશ ખબર.. ખુશ ખબર...
ખ્રિસ્તી સમાજ માટે બી.પી ઈન્સ્ટુમેન્ટ, ગ્લુકોમીટર, થર્મોમીટર, સ્પાઇરોમીટર તેમજ કોઇપણ સર્જીકલ આઇટમો તદન વ્યાજબી ભાવે મળશે.

**અમી સર્જીકલ**

જય ક્રિશ્ચિયન
૧૩,સહયોગ પાર્ક-૧
,ન્યુ ગામડી રોડ, આણંદ.૧
મો.:૮૨૩૮૦૦૧૯૯૯
૯૮૨૪૩૬૨૪૬૨



**ગ્રાહક મિત્રોને વિનંતી.**

આપનું લવાજમ બાકી છે/પૂરું થયેલ છે.લવાજમ અને આર્થિક સહયોગ મનીઓર્ડરથી નીચેના સરનામે મોકલી શકો છો.

**ગરવી નવક્રાન્તિ સાપ્તાહિક**

૨/૧૦ સોનિયા એપાર્ટ. પીટીકોલેજ રોડ,નારાયણ નગર અમદાવાદ - ૭
ફોન નં. ૯૮૨૫૧૬૯૩૮૬- ૦૭૯ ૬૫૨૧૪૭૫૬

# અમેરીકી હુમલામાં ઈરાની સેનાના જનરલ કાસીમ સુલેમાનીનો ખાત્મો : વિશ્વયુધ્ધ નો ખતરો

ઈરાકની રાજધાની બગદાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે અમેરિકી સેના દ્વારા કરાયેલા હુમલામાં ઈરાનીયન રિવોલ્યુશનરી ગાર્ડ્સ કોપ્સના કુદ્સ ફોર્સના વડા જનરલ કાસીમ સુલેમાનીનું મોત નિપજ્યું હતું.ઈરાકી ટીવી અને ઈરાકી અધિકારીઓના જણાવ્યા પ્રમાણે ઈરાનના જનરલ કાસીમ સુલેમાની બગદાદ ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતે થયેલા હુમલામાં માર્યા ગયા છે. આ હુમલામાં ઈરાન સમર્થિત લડાકુઓના સંગઠન પોપ્યુલર મોબિલાઈઝેશન ફોર્સીસના ડેપ્યુટી કમાંડર અબુ માહદી અલ મુહાન્દીસ પણ માર્યા ગયા હતા.માર્યા ગયેલા એરપોર્ટના પ્રોટોકોલ ઓફિસર મોહમ્મંદ રેદા સહિત ૧૦ લોકોનો પણ સમાવેશ થાય છે. ઈરાકના સિક્યુરીટી મીડીયા સેલે જણાવ્યુ હતું કે એરપોર્ટના કાર્ગો હોલ નજીક કાત્યસા રોકેટ દ્વારા કરાયેલા હુમલામાં સંખ્યાબંધ લોકો માર્યા ગયા હતા.

અમેરિકી લશ્કરી વડામથક પેન્ટાગોને જણાવ્યુ હતું કે અમેરિકી સેનાના હુમલામાં ઈરાની કુદ્સ ફોર્સના વડા જનરલ કાસીમ સુલેમાનું મોત નિપજ્યું છે. અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના આદેશથી આ હુમલો કરાયો હતો.જનરલ સુલેમાની ઈરાકમાં અમેરિકી રાજદ્વારીઓ અને ઈરાકી સેનાના અધિકારીઓ પર હુમલાની યોજના બનાવી રહ્યા હતા. બગદાદમાં અમેરિકી દુતાવાસમાં સુલેમાનીના ઈશારા પર હુમલો કરાયો હતો.ઈરાન દ્વારા ઘડાયેલી હુમલાની યોજનાઓ નિષ્ફળ બનાવવા જનરલ સુલેમાની પર હુમલો કરાયો હતો.

બગદાદ ખાતેના અમેરિકી દુતાવાસે ઈરાનના સંભવિત હુમલાને ધ્યાનમાં લેતાં અમેરિકી નાગરિકોને તાત્કાલિક ઈરાક છોડી જવાની ચેતવણી આપી હતી.દુતાવાસ દ્વારા જારી કરાયેલા નિવેદનમાં જણાવવામાં આવ્યુ હતું કે ઈરાકમાં વધી રહેલા તણાવને જોતાં અમે જાન્યુ. ૨૦૨૦માટે અમેરિકન નાગરિકોને તાત્કાલિક ઈરાક છોડી જવા વિનંતી કરીએ છીએ.અમેરિકી નાગરિકોએ હવાઈ મુસાફરી દ્વારા ઈરાક છોડી દેવું જોઈએ.

ટ્રમ્પે જણાવ્યુ હતું કે હજારો અમેરિકન સૈનિકોને મારી નાંખનાર અને ઘાયલ કરનાર સુલેમાનીનો ખાત્મો ઘણા વર્ષો પહેલાં થઈ જવો જોઈતો હતો. તેમણે ઘણા અમેરિકન સૈનિકોની હત્યાની યોજનાઓ બનાવી હતી.ઈરાની કમાન્ડરની હત્યા બાદ ટ્રમ્પે અમેરિકી ધ્વજ ટ્વીટ કર્યો હતો.

અમેરીકી હુમલાને પગલે રશિયા,ચીન અને સીરીયા રોષે ભરાયા છે. નાટો અને રશિયા સર્મપિત દેશો ફરી એકવાર સામસામે આવે તેવી સંભાવના છે. યુધ્ધ ફાટી નીકળશે તો તેને વિશ્વયુધ્ધમાં પલટાતાં સમય નહીં લાગે.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખૌમેનીએ અમેરિકાને ચેતવણી આપતાં જણાવ્યુ હતું કે સુલેમાનીની હત્યા કરનારા અપરાધીઓ સામે આકરો બદલો લેવાશે. સુલેમાનીની શહાદત અમેરિકા અને ઈઝરાયેલ સામેના સંઘર્ષમાં અમારા જુસ્સાને બમણો કરી નાંખશે.અમારા તમામ દુશ્મનો જાણી લે કે જેહાદ જારી રહેશે અને બમણા જુસ્સા સાથે જારી રહેશે. પવિત્ર યુધ્ધમાં જેહાદીઓનો વિજય નિશ્ચિત છે. સુલેમાની શહાદત તેમની આટલા વર્ષોના અથાક પ્રયાસોનો પુરસ્કાર છે.તેમની વિદાયના કારણે તેમના કામ બંધ નહીં થાય. તેમના લોહીથી જેમના હાથ ખરડાયેલા છે તેમના માટે આકરો બદલો રાહ જોઈ રહ્યો છે. ઈરાનના પ્રમુખ હસન રુહાનીએ જણાવ્યુ હતું કે ઈરાન અને મિડલ ઈસ્ટના મુક્ત દેશો અમેરિકા સામે બદલો લેશે. ઈરાનના સંરક્ષણ મંત્રી આમીર હાતમીએ જણાવ્યુ હતું કે સુલેમાનીની હત્યાનો બદલો લેવામાં આવશે.

અમેરિકાના હુમલા બાદ ઈરાનમાં મોટી સંખ્યામાં લોકોનો રોષ ફાટી નીકળ્યો હતો.ટ્રમ્પની હત્યા કરનારને મોટું ઈનામ આપવાની જાહેરાત પણ કરાઈ છે.ઈરાને દાગેલા મિસાઈલ્સોનો જવાબ હજુ સુધી અમેરીકાએ આપ્યો નથી. પરંતુ શક્યતાઓ છે તેનો જવાબ અપાય તો વિશ્વમાં તેના છાંટા ઉડશે.



સુલેમાની સીરીયાના દમાસ્કસથી ઈરાકની રાજધાની બગદાદ આવ્યા.ત્યાં સુલેમાની અન્યોને લેવા ઈરાન સમર્થિત પીએમએફનો અલ મુહાન્દીસ કાફલા સાથે બગદાદ એરપોર્ટ પહોચ્યો હતો.સુલેમાની જેવા કારમાં બેઠા કે કાર્ગો એરિયા નજીક અમેરીકી ડ્રોન દ્વારા ચાર મિસાઈલ છોડવામાં આવી જે સુલેમાની અને મુહાન્દીસની કાર પર અચુક નિશાના પર લાગી અને આંખના પલકારામાં કાર ભશ્મ બની ગઈ.તેમની ઓળખ તેમણે પહેરેલી વીંટી પરથી કરાઈ હતી.

ઈરાનના સર્વોચ્ચ નેતા આયાતોલ્લા અલી ખૌમેનીએ સુલેમાનીના મોત માટે ઈરાનમાં ૩ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર કર્યો હતો. ઈરાનના સરકારી ટેલિવિઝને જણાવ્યુ હતું કે અમેરિકાએ બીજા વિશ્વયુધ્ધ પછીની સૌથી મોટી ભુલ કરી છે. મિડલ ઈસ્ટના લોકો હવે અહીં અમેરિકનોને રહેવા દેશે નહીં.

ઈરાનના સર્વોચ્ચ નેતા ખૌમેનીએ રિવોલ્યુશનરી ગાડર્સની ફોરેન ઓપરેશન્સ પાંખના વડા તરીકે ઈસ્માઈલ કાનીની કુદ્સ ફોર્સના વડા તરીકેની નિયુક્તની જાહેરાત કરી છે.

ઈરાકના વડાપ્રધાન આદેલ અબ્દુલ માહદીએ જણાવ્યુ હતું કે અમેરિકી હુમલાને કારણે વિનાશક યુધ્ધ ફાટી નીકળશે. હુમલામાં ઈરાકી કમાન્ડર મુહાન્દીસનું પણ મોત થયું છે. જે ઈરાકની સરકાર અને તેની જનતા પરનો હુમલો છે.



ઈરાકની રાજધાની બગદાદના આંતરરાષ્ટ્રીય એરપોર્ટ ખાતે અમેરિકાએ મિસાઈલ દ્વારા કરેલા હુમલામાં ઈરાનીય રિવોલ્યુશનરી ગાડર્સ કોર્પ્સના કુદ્સ ફોર્સના વડા જનરલ કાસીમ સુલેમાનીનું મોત નિપજ્યું હતું. ઉપરના ફોટામાં તેમની કાર મિસાઈલ એટેકનો ભોગ બની હતી તેનું દ્રશ્ય છે.



ઈરાનમાં શક્તિશાળી નેતા ઉપરાંત લોકચાહનામાં બીજા નંબરે બીરાજતા કાસીમ સુલેમાનીને આખરી વિદાય આપવા તેમના જનાજામાં સામેલ હજારો તેમના ચાહકો દષ્ટિગોચર થાય છે.




**વિનંતી**

**તમારી પ્રાર્થનામાં અમારી સેવાઓને ખાસ યાદ રાખશો.**

**સેરેના ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત**

**કેર કોમ્પ્યુટર સેન્ટર**

ફકત રૂ. ૨૦૦/-માં કોમ્પ્યુટર શિક્ષણ...સાથે ઈંગ્લીશ સ્પીકીંગ ફ્રી. માત્ર બહેનો માટે જ ચાલતો કોમ્પ્યુટર કલાસ,

કોમ્પ્યુટરમાં સાક્ષર બની ઉજજવળ ભવિષ્ય બનાવો.

**હેડ ઓફિસ** :- ૧૧, તેજેન્દ્ર કોમ્પ્લેક્ષ, હાટકેશ્વર સર્કલ પાસે, હાટકેશ્વર, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬.મો. નં: ૯૯૨૫૨૭૪૧૭૫

**બ્રાન્ચ ઓફિસ** : ૧૪ સેલર, સરદાર કોમ્પ્લેક્ષ, સમજુબા સ્કૂલ સામે, ગોવિંદવાડી, ઈસનપુર અમદાવાદ.મો. નં: ૯૮૯૮૦૭૨૮૮૧

**જાહેરાત માટે સંપર્ક કરો**

આપની વ્યવસાયલક્ષી કે લગ્ન સબંધી,જાહેરાત વિશાળ વાચક વર્ગ સુધી ઝડપથી પહોચાડવા માટે અમારો સંપર્ક કરો.

નવક્રાન્તિ સાપ્તાહિક

9825169386

**ડૉ.હેમેન્દ્ર જી. પરીખ**

પી.જી.યોગા,ડીએચએમએસ

**યોગ -હોમીયોપેથીક કન્સલ્ટન્ટ**

એકસ.સીની.કન્સલ્ટન્ટ,
રાજસ્થાન હોસ્પીટલ,અમદાવાદ
એકસ.સીની.કન્સલ્ટન્ટ
મોરારજી દેસાઇ આરોગ્યધામ,
હેલ્થ-વેલ્થ પ્લાનર
ગેસ્ટ કોલમીસ્ટ, ગુજરાત સમાચાર, દિવ્યભાસ્કર
મો.૯૩૭૬૧ ૦૦૮૯૮
E.mail : drhamparikh@yahoo.co.in

# ૨૬મી જાન્યુઆરીની પરેડમાં પ.બંગાળ,મહારાષ્ટ્રના ટેબ્લો સ્વીકારવાનો ગૃહમંત્રાલયનો ઇન્કાર : કેન્દ્રનું પગલું અપમાન જનક :શિવસેના સાંસદ રાવત

૨૦૨૦ની ૨૬મી જાન્યુઆરી ગણતંત્ર દિવસની પરેડમાં પશ્ચિમ બંગાળ અને મહારાષ્ટ્રની ઝાંખી જોવા મળવાની નથી. મહારાષ્ટ્ર સરકારના મંત્રી જિતેન્દ્ર અવધે દાવો કર્યો હતો કે આ વખતે ગણતંત્ર દિવસની પરેડમાં મહારાષ્ટ્રની ઝાંખીને પણ ગૃહમંત્રાલયે સ્વીકાર કરવાનો ઇન્કાર કર્યો છે.સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે ૨૬ જાન્યુઆરીના રોજ યોજાનારી ગણતંત્ર દિવસની પરેડમાં પશ્ચિમ બંગાળ ની ઝાંખીને પણ રદ કરી દેવાઇ છે. પશ્ચિમ બંગાળ સરકાર છોકરીઓ માટે ચાલતી યોજના 'કન્યાશ્રી' ને ગણતંત્ર દિવસની પરેડમાં દર્શાવવા ઇચ્છતી હતી. આ યોજનાને આંતરરાષ્ટ્રીય સ્તર પણ વખાણવામાં પણ આવી હતી.

મંત્રાલયે કહ્યુ કે પશ્ચિમ બંગાળ સરકાર તરફથી રજુ કરવામાં આવેલા પ્રસ્તાવની તપાસ એક્સપર્ટ કમિટીએ બે રાઉન્ડની બેઠકમાં પુરી કરી છે.બીજી કમિટિની બેઠકમાં વિસ્તારપુર્વક ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો છે કે તેમની આ ઝાંખીને પરવાનગી આપવામાં આવશે નહીં.ત્યારબાદ પશ્ચિમ બંગાળના અધિકારીઓએ જણાવ્યુ કે રક્ષા મંત્રાલયની એક્સપર્ટ કમિટીની બેઠકમાં ઝાંખી વિશે ચર્ચા કરવા માટે અમને બોલાવવામાં આવ્યા છે.આ મુદ્દે શિવસેનાના સાંસદ સંજય રાઉતે કહ્યુ હતુંકે મહારાષ્ટ્રની ઝાંખી કાયમ દેશનું આકર્ષણ રહી છે.જો કોગ્રેસના કાર્યકાળમાં આ બન્યુ હોત તો મહારાષ્ટ્ર ભાજપ આક્રમક બની ગયો હોત.

ગણતંત્ર દિવસની પરેડમાં પશ્ચિમ બંગાળની ઝાંખી નહી સમાવવા મામલે તુણમુણ કોગ્રેસે તેને બંગાળનું અપમાન ગણાવ્યુ છે.કેન્દ્ર ની ભાજપ સરકાર પર પ્રહારો કરતાં તેણે કહ્યુ છે કે રાજ્યમાં નાગરિકતા સુધારણા કાયદાના વિરોધને કારણે આ નિર્ણય લેવાયો છે.બદલાની ભાવનાથી આ પગલું ભરાયું છે.તે મામલે બચાવ કરતાં રાજ્ય ભાજપ વડા દિલીપ ઘોષે કહ્યુ હતું કે રાજ્ય સરકારે દરખાસ્ત રજુ કરવામાં નિયમો અને પ્રક્રિયાનું પાલન કર્યુ નહોતું એટલે દરખાસ્ત રદ કરાઇ છે.


## કાર ભાડે મળશે



લગ્ન તેમજ શુભ પ્રસંગ માટે ડિઝાઇનર કાર મળશે



મોબાઇલ : ૮૫૧૧૮૯૯૧૯૭

લિમોઝીન, બીએમ ડબલ્યુ , ઑડી , મર્સીડીઝ તથા અન્ય મેરેજ કાર મળશે




# સીબીઆઇએ ૨૦૧૪-૧૫માં હોગકોગમાં કાળુ નાણું મોકલવા બદલ ૫૧ સંસ્થાઓ પર કેસ નોધ્યા : ખરેખર જ્યારે દેશની પ્રજાને વિદેશમાંથી કાળુ નાણું પરત લાવી તેમના ખાતામાં આપવાની લાલચ આપનાર સરકારની નજર નીચે દેશમાંથી કાળુ નાણું પગ કરી ગયું અને સરકાર નબળી પુરવાર થઇ

સીબીઆઇએ ૨૦૧૪-૧૫ દરમિયાન હોગકોગમાં કથિત રીતે રુ.૧૦૩૮ કરોડનું કાળુ નાણું મોકલવા બદલ ૫૧ સંસ્થાઓપર કેસ નોધ્યો છે. આમાં મોટાભાગની સંસ્થાઓ ચેન્નાઇના લોકોની છે. આમ કાળુ નાણું વિદેશમાંથી લાવવાની વાત જવા દો પરંતુ મોદી સરકાર દેશમાંથી કાળુ નાણું વિદેશ જતું અટકાવવામાં પણ નબળી પુરવાર થઇ રહી છે.

એવો આક્ષેપ કરાયો છે કે ૫૧ સંસ્થાઓમાં ત્રણ સરકારી બેન્કો, બેન્ક ઓફ ઇન્ડીયા, સ્ટેટ બેન્ક અને પંજાબ નેશનલ બેન્કના અજાણ્યા અધિકારીઓ સાથે મળીને રુ.૧૦૩૮ કરોડ બિનહિસાબી કાળુ નાણું હોગકોગ મોકલ્યું હતુ.

સીબીઆઇને માહિતી મળી હતી કે ૪૮ કંપનીઓના ૫૧ જેટલા ચાલુ ખાતાઓ આ બેન્કોની ચાર શાખાઓમાં ખોલવામાં આવ્યા હતા. જેના થકી કુલ રુ. ૧૦૩૮.૩૪ કરોડની રકમ રેમિટેન્સના સ્વરુપે મોકલાઇ હતી.સીબીઆઇનો આરોપ છે કે આયાત કરાયેલા માલ સામાનની ચુકવણી માટે એડવાન્સ પેટે રુ. ૪૮૮.૩૯ કરોડની રકમ અને આઉટબોર્ડ ફોરિસ રેમિટેન્સીઝ માટે ૨૪ ખાતાનો ઉપયોગ કરાયો હતો. આની સાથે જ ત્રણ પર્યટકોની વિદેશી યાત્રા પાછળ રુ.૫૪૯.૯૫ કરોડ રેમીટ કરવા માટે ૨૭ ખાતાઓ ઉપયોગમાં લેવાયા હતા. સીબીઆઇએ મોહમંદ ઇબ્રમ્સા, જહોની,ઝીંટા મધાર અને નિઝામુદીન એમ ત્રણ લોકોને આરોપી બનાવ્યા છે. આ ઉપરાંત એફઆઇઆરમાં ૪૮કંપનીઓ છે.સીબીઆઇનો આરોપ છે કે ૨૪માંથી ૧૦ કંપનીઓએ નાના પાયે આયાત કરી હતી.પરંતુ આયાતી ચીજો અને આયાતના મુલ્ય કંપનીઓએ બેન્કોને રજુ કરેલા ઇનવોઇસ સાથે મેચ થતા નહોતા. એફઆઇઆરમાં વધુમાં ઉમેરાયું હતું કે આ હેરફેરમાં સામેલ આરોપીઓ અને અન્યોને પૈસા ટ્રાન્સફર અને જેટલા સમય માટે બેન્ક ખાતુ સક્રિય રહ્યું તેના આધારે કમિશન ચુકવાયું હતું. સબંધિત બેન્કના અધિકારીઓને રોકડમાં લાંચ આપવામાં આવી હતી.મોટાભાગના રેમિટન્સીઝ ૨૦૧૫ના બીજા છ મહિનામાં થયા હતા.કંપનીઓનું વાર્ષિક ટર્ન ઓવર લાખોમાં દર્શાવાયું હતું.જ્યારે તેમણે મોકલેલા પૈસા કરોડોમાં હતા.જે બેન્ક અધિકારીઓ દ્વારા છેતરપીડીપુર્વક અને બેઇમાનીથી મોકલાયા હતા.

આ સમગ્ર ઘટનામાં બેન્કોના અધિકારીઓની સામેલગીરી છતી થઇ છે.સીબીઆઇ અનુસાર આરોપીઓ સમગ્ર ફ્રોડ દરમિયાન કેસમાં સામેલ રહ્યા છે. જેમને વાસ્તવમાં કમિશન ચુકવાતું હતું એવા બેન્ક અધિકારીઓ કે જેમના હાથમાં ફોરેન એક્સચેન્જ સબંધિત અંકુશ હતો તેઓ ખાસ કરીને આ ફ્રોડમાં સામેલ રહ્યા છે.જેના કારણે કાળુ નાણું વિદેશમાં મોકલવામાં સરળતા પ્રાપ્ત થઇ છે. વિદેશોમાંથી જ્યારે હુંડિયામણ ભારતમાં મોકલાતું હતું ત્યારે આવી નકલી કંપનીઓ વાર્ષિક ટર્ન ઓવર લાખમાં દર્શાવતી હતી. પરંતુ વાસ્તવમાં આ રેમિટન્સ કરોડો રુપીયાનુ રહેતું હતું. એવો ખુલાસો સીબીઆઇએ કર્યો છે. (સૌ.નગુસ)

# સ્વીસ બેન્કોમાં પૈસા રાખનારા ૩૫૦૦ ભારતીયોને નોટિસ અને ૭ નામ જાહેર કરાયા

ટેક્સ હેવન તરીકે જાણીતા સ્વીસ બેન્કોએ ૩૫૦૦ ભારતીયોને નોટીસ આપીને ૭ના નામ જાહેર કર્યા છે. ભારત અને સ્વિત્ઝર્લેન્ડના ટેકસ અધિકારીઓએ એવા ટ્રસ્ટોની ઓળખ કરી છે જે ટેક્સ ચોરીથી સુરક્ષિત આશ્રય સ્થાનવાળા દેશોમાં બ્લેક મની છુપાવીને રાખતા હોય છે. આવા ટ્રસ્ટોને નોટિસ આપવામાં આવી છે. નોટિસો અનુસાર કેટલાક કારોબારીઓ સહિત એવા વ્યક્તિઓ અને કંપનીઓને કહેવાયું છે કે જો તેઓ ભારત સાથેની બેન્ક વિગતો શેર કરવાની વિરુધ્ધ અપીલ કરવા માંગતા હોય તો તેમના પ્રતિનિધિની નિમણુંક કરે. નોટિસોમાં કેટલાક એવા નામો પણ છે જેઓ હાલમાં હયાત નથી. આવા કિસ્સાઓમાં તેમના વારસદારોને નોટિસનો જવાબ આપવાનું કહેવામાં આવ્યું છે. આ નોટિસોમાં પી.દેવી ચિલ્ડ્રન ટ્રસ્ટ, પી વિનોદ ટ્રસ્ટ, અને અગ્રવાલ ફેમીલી ટ્રસ્ટ સામેલ છે. ઉલ્લેખનીય છે કે આ પહેલાં ૨૩ ડિસેમ્બરે કેન્દ્ર સરકારે ભારતીય સ્વીસ ખાતાધારકોની માહિતી આપવાનો ઇન્કાર કરી દીધો હતો.ભારતીય ખાતા ધારકોની વિગતો આ સંધી હેઠળ સુરક્ષિત કરી લેવાઇ છે.જાહેર થયેલા છ ભારતીયોના નામ ૧.અતુલ પુંજ ૨.ગૌતમ ખૈતાન.૩ સતીશ કાલરા ૪.વિનોદકુમાર ખન્ના ૫.દુલાભાઇ વાઘેલા૬.રીવાબેન અને બળવંત વાઘેલા.


## AGNELO FREE MARRIAGE SERVECES, INDIA

agnelofreemarriagebureau@gmail.com.
parmar_kanu2002@yahoo.co.in
http://jagadishchristian.com/
Conact No.0091 9824489344,
(R)0091-2692-260332

## ઇન્ટરનેશનલ જીવનસાથી પસંદગી કેન્દ્ર

- દેશ,વિદેશ તથા ડીવોર્સી પાત્રો માટે જીવનસાથી પસંદગી કેન્દ્ર
- આર્થિકરીતે નબળા,વિધવા કે બેરોજગાર યુવતીઓ પાસેથી
- રજીસ્ટ્રેશન ફી લેવામાં આવતી નથી.
- રજીસ્ટ્રેશન ફી સિવાય કોઇ ફી લેવાતી નથી.
- ફોટોગ્રાફ સાથેનો બાયોડેટા પોસ્ટથી મોકલી શકાશે.
- રજીસ્ટર લગ્ન તથા સમુહ લગ્ન માટેની વ્યવસ્થા મળી શકશે.
- લગ્નવાંચ્છુ યુવક-યુવતીઓના બાયોડેટા ઇન્ટરનેટ પર વિના મુલ્યે મુકી શકાશે.
- સ્વરોજગાર માટે વિના મુલ્યે સિલાઇ મશીન મેળવવા સંપર્ક કરવો
- ઇઝરાયેલની પવિત્રભુમિના પ્રવાસના પુસ્તકો મળશે.

સંપર્ક :-શ્રી ભાઇલાલભાઇ એસ.ટેલર
પાર્ક સ્ટ્રીટ,મેથો નર્સીંગસ્કુલ સામે.મિશન રોડ,નડીયાદ.
મો.૯૮૯૮૩૧૮૬૮૫. ૭૯૪૫૧૮૩૬૭

## ★ નીલા ફાઇનાન્સ ★

આપની બચત યોગ્ય સ્થાને મુકવી છે.?
જેવી કે માસિક આવક યોજના,રાષ્ટ્રીય બચત પત્રો,કિસાન વિકાસ પત્ર,ટાઇમ ડીપોઝીટ તથા રીકરીંગમાં રોકાણ કરવા માટે, તેમજ વીમા, મ્યુચ્યુઅલ ફંડ, તથા પાન કાર્ડ માટે મળો.

નીલા સી.ગામડીયા
'નીલીવા કુંજ' પંડિત નહેરુ વિદ્યાવિહારની બાજુમાં, બહેરામપુરા, અમદાવાદ -૩૮૦૦૨૨ ● ફોન નં.૨૫૩૫૫૮૫૮,૨૫૩૮૩૩૨૨


તંત્રી: પ્રશાંત ધોળકીયા, મુદ્રક, પ્રકાશક, માલિક, રોબિન ધોળકીયા, ધર્મેશ પ્રિન્ટોરીયમ, નવી પોળ શાહપુર અમદાવાદ ૧ થી છાપી, ૨/૧૦ સોનિયા એપાર્ટ. પી ટી કોલેજ રોડ, નારાયણનગર, અમદાવાદ-૭ થી પ્રસિદ્ધ કર્યુ.